આકાશવાણી ભુજ

સમાચાર વાચક : વિરલ રાણા

કોમ્પ્યુટર રાઈઝ- શિવરામ ચૌધરી (પટેલ)

તારીખ:-15-04-2024 સમય:-સવારે 6.50 કલાકે

---

## ભાજપ - ઘોષણાપત્ર

ભારતીય જનતા પક્ષે લોકસભાની ચુંટણી માટે પોતાનું ઘોષણાપત્ર બહાર પાડયું છે. તેને સંકલ્પપત્ર નામ આપવામાં આવ્યું છે. ભાજપના મુખ્ય કાર્યાલયમાં આ સંકલ્પપત્ર જારી કરવામાં આવ્યું. તેમાં એક રાષ્ટ્ર એક ચુંટણી, સમાન નાગરીક સંહિતા અને સિંગલ મતદાર યાદીનો વાયદો કરવામાં આવ્યો છે.

આ પ્રસંગે પ્રધાનમંત્રીએ કહ્યું કે, સંકલ્પપત્ર વિકસિત રાષ્ટ્રના ચાર મજબુત સ્તંભ ગણાતા યુવાનો, મહિલાઓ, ખેડુતો અને ગરીબોને સશકત બનાવશે.

આ સંકલ્પપત્રમાં ભાજપે પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજના હેઠળ મફતમાં રેશનની સગવડ આવતા પાંચ વર્ષ સુધી ચાલુ રાખવાનું વચન આપ્યું છે. તે ઉપરાંત આયુષ્યમાન ભારત યોજનામાં દેશના બધા વરિષ્ઠ નાગરિકોને સામેલ કરવાનો ,ત્રણ કરોડ લખપતિ દીદી બનાવવા પર ભાર મુકવામાં આવ્યો છે. પી.એમ. સુર્ય ઘર યોજના હેઠળ વીજળીનું બિલ શૂન્ય કરવાનો પણ વાયદો કરવામાં આવ્યો છે.

**RNU અમદાવાદ**

---

## કોંગ્રેસ- શક્તિસિંહ ગોહિલ

ગુજરાત કોંગ્રેસના પ્રમુખ શક્તિસિંહ ગોહિલે કહ્યું છે કે, ભાજપનો ચૂંટણી ઢંઢેરો લોકોને ગુમરાહ કરવાનો છે. ભારતીય જનતા પક્ષે જાહેર કરેલા ચૂંટણી ઢંઢેરા

બાદ પત્રકાર પરિષદમાં શ્રી ગોહિલે કહ્યું હતું કે, દસ વર્ષના શાસનમાં રોજગારી લાવી શક્યા નથી ઉપરાંત મહિલાઓની સુરક્ષા પણ કરી શક્યા નથી. ભાજપ કાળુ ધન પણ પાછું લાવી શક્યુ નથી.

**RNU અમદાવાદ**

---

## માધવપુર લોકમેળો- રાજ્યપાલ

પોરબંદર જિલ્લાના માધવપુર- ઘેડ ખાતે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતની ઉપસ્થિતિમાં માધવપુર લોકમેળાનો શુભારંભ થશે. આગામી 17થી 21 એપ્રિલ દરમિયાન આ લોકમેળાનું આયોજન કરવામાં આવી રહ્યું છે. પાંચ દિવસ સુધી ચાલનાર આ મેળામાં ભગવાન શ્રીકૃષ્ણ અને રુકમણીના વિવાહ પ્રસંગે સાંસ્કૃતિક કાર્યક્રમો પ્રસ્તુત કરાશે. લોકમેળાના સાંસ્કૃતિક કાર્યક્રમના પ્રારંભે મુખ્ય સચિવ રાજકુમાર અને યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગના અગ્ર સચિવ અશ્વિનીકુમાર પણ હાજર રહેશે.

**RNU અમદાવાદ**

---

## રાજકોટ- બાળ વૈજ્ઞાનિક સુવર્ણચંદ્રક

આફ્રિકાના ટ્યુનીશિયા દેશમાં યોજાયેલ આંતરરાષ્ટ્રીય વિજ્ઞાન મેળામાં રાજકોટના બે બાળ વૈજ્ઞાનિકો ધ્વનિ સોજીત્રા અને સાક્ષી ખૂંટે સુવર્ણ ચંદ્રક જીત્યો છે.

આ બાળ વૈજ્ઞાનિકોએ મોરબી પુલ તુટી પડવાના કારણો જાણી તેની સલામતિ માટેના સાધનો ગોઠવ્યા, જેથી આવો ઝૂલતો પુલ તુટી ના પડે. આ બાળ વૈજ્ઞાનિકોએ ઝૂલતા પુલનું પ્રોટોટાઈપ મોડલ તૈયાર કરી પ્રાયોગિક રીતે તેની સાથે વેઈટ બેલેન્સ તેમજ ડીજીટલ કાઉન્ટર સર્કિટ ગોઠવી હતી..

**RNU અમદાવાદ**

---

## કવિ તુષાર શુકલ વર્કશોપ- આકાશવાણી

ગુજરાતના જાણિતા સર્જક વકતા તેમજ ,આકાશવાણી રાજકોટ કેન્દ્રના પૂર્વ નિયામક અને કવિ તુષારભાઈ શુક્લના વર્કશોપનું આકાશવાણી ભુજ ખાતે આયોજન કરવામાં આવ્યું હતું. ગુજરાતી ભાષાનું મહત્વ ભાષા શુધ્ધિ વગેરે બાબતો અંગે આકાશવાણી પરિવારને માર્ગદર્શન આપ્યું હતું. તેમની રજૂઆત કરવાની વિશિષ્ટ શૈલીથી સૌ મંત્રમુગ્ધ થયા હતા. આ કાર્યક્રમમાં જયેશ રાવલ, ભરત ચતવાણી, મનોજ સોની, વિમલ ઉપાધ્યાય તેમજ  સમાચાર વાચકો, ઉદ્દઘોષકો સહિત આકાશવાણી પરિવાર જોડાયો હતો.

વિરલ રાણા

---

## ચૈત્રી નવરાત્રિ

ચૈત્રી નવરાત્રીના સાતમા નોરતે આશાપૂરા માતાજીના સ્થાનક માતાનાંમઢ ખાતે મધ રાત્રે હવનમાં બીડું હોમવાની વિધિ સાથે નવરાત્રી મહોત્સવ એના અંતિમ ચરણમાં પ્રવેશ કરશે. જાગીરનાં અધ્યક્ષ રાજા બાવા યોગેન્દ્રસિંહજીના હસ્તે શ્રીફળ હોમવાની વિધિ થશે. ભુજમાં આશાપુરા માતાજીના મંદિરે હવનવિધિ યોજાશે.

ચંદ્રવદન પટ્ટણી

---

## આઈપીએલ

આઇપીએલની મેચમાં ચેન્નઇ  સુપર કિંગ ટીમે મુંબઈ ઈન્ડિયન્સની ટીમને 20 રને હાર આપી હતી. ચેન્નઇ ટીમે 7 વિકેટે 206 રન કર્યા હતા. એ સામે મુંબઈ ટીમ 6 વિકેટ ગુમાવી 186 રન કરી શકી હતી. મુંબઈ ટીમના રોહિત શર્મા 105 રને અણનમ રહ્યા હતા.

આઇપીએલની બીજી મેચમાં કોલકતા નાઈટ રાઇડર ટીમે લખનૌ સુપર જાયન્ટ ટીમને પ્રથમ વાર આઠ વિકેટે હાર આપી હતી. કોલકતામાં રમાયેલી મેચમાં

લખનૌ ટીમે 7 વિકેટ ગુમાવી 161 રન કર્યા હતા. જવાબમાં કોલકતા ટીમે 2 વિકેટ ગુમાવી વિજયી લક્ષ્ય પાર કર્યું હતું

**ચંદ્રવદન પટ્ટણી**

---

## હવામાન - વરસાદ

હવામાન વિભાગે વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસરને કારણે સર્જાયેલા સાયક્લોનિક સરક્યુલેન્સની અસરથી આગામી રાજ્યના વિવિધ જીલ્લાઓમાં ગાજવીજ સાથે વરસાદ થવાની સંભાવના વ્યક્ત કરી છે ગઈકાલે .કચ્છમાં સતત બીજા દિવસે પણ કમોસમી વરસાદ વરસ્યો છેઅંજારમાં ભારે પવન સાથે સવા . બે ઇ ંચ વરસાદ પડતા નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા હતાગાંધીધામ . અને રાપર તાલુકાના ગાગોદર વિસ્તારમાં બે ઈંચ જેટલો વરસાદ પડતા માર્ગો પર પાણી ભરાયા હતા ,સાથે જીલ્લાના ભૂજ .ખેડોઈ ,વાંઢાય સહિતના ઘણા વિસ્તારોમાં માવઠુ થયું છે.માવઠાના કારણે ખેડૂતો ચિંતિત બન્યા છે .

**N.P**

---

## નર્મદા ઉત્તરવાહિની પરિક્રમા

નર્મદા જિલ્લામાં ચૈત્ર મહિનામાં યોજાતી નર્મદાની ઉત્તરવાહિની પંચકોશી પરિક્રમા કરવા વિવિધ રાજ્યોમાંથી મોટી સંખ્યામાં લોકો આવી રહ્યા છે.

પરિક્રમાર્થીઓની સુવિધાને ધ્યાનમાં રાખીને જિલ્લા વહીવટી તંત્ર દ્વારા 24 કલાક કન્ટ્રોલ રૂમના માધ્યમથી પરિક્રમાની શાંતિ-સલામતી અને સુવિધા પર નજર રાખવામાં આવી રહી છે.

**RNU અમદાવાદ**

---

RNU BHUJ